**આંક–૧ તળે હુકમ**

૧) હાલનું ચાર્જશીટ જોવામાં આવે તો આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૮૮ મુજબનું ચાર્જશીટ ફરિયાદ પક્ષ દવારા અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપી સામેનાં હાલનાં ગુના અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ. જયારે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૫(૧)(એ) ની જોગવાઈ ધ્યાન સમક્ષ રાખવામાં આવે તો આ ગુનાની ફરીયાદ હકુમત ધરાવતી કોર્ટમાં જ ફરીયાદીએ દાખલ કરવી પડે છે અને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ધારાકીય જોગવાઈ કલમ–૧૯૫(એ)(૧) ધ્યાન સમક્ષ રાખતાં આ ગુનાનું કોગ્નિઝન્સ ચાર્જશીટ ઉપરથી લેવા અંગે સ્પષ્ટ પણે બાધ મુકવામાં આવેલ છે.

૨) આ અંગે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદીએ ફરીયાદ લેખીતમાં જ કરેલ છે અન ફોજદારી કાર્યરીતી અધિનિયમનાં શેડયુલ–૧ મુજબ આ ફરીયાદ કોગ્નિઝેબલ હોય તેને પોલીસ ધ્વારા તપાસ કરવાની સતા છે અને તે સતા હેઠળ પોલીસ અધિકારીએ તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ ગુના અંગેનું ચાર્જશીટ આ કામમાં રજુ કરેલ છે. જેથી આરોપી સામેનાં ગુના અંગેનું કોગ્નિઝન્સ લેવામાં કોઈ બાધ નડતો નથી. તેઓશ્રીએ વિશેષમાં જણાવેલ છે કે, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨(ડી) માં ફરીયાદની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે જોતાં નોન–કોગ્નિઝેબલ ગુનામાં પોલીસે તપાસ કરી ચાર્જશીટ ફાઈલ કરેલ હોય તો તે રીપોર્ટને ફરીયાદ તરીકે લઈ શકાય. તેઓની રજુઆત સંબંધે જોઈએ તો હાલનો ગુનો ફોજદારી કાર્યરીતી અધિનિયમનાં શેડયુલ–૧ મુજબ કોગ્નિઝેબલ છે, આમ, હાલનો ગુનો કોગ્નિઝેબલ હોય તેટલા કારણ માત્રથી જ ચાર્જશીટને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨(ડી) મુજબ ફરીયાદ તરીકે લઈ શકાય નહી તેવું મારૂં માનવું છે.

**(U.S.Parmar)**
**3rd Addl.Chief Judi.Magistrate, Patan**

૩) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૯૫ (૧) (એ) જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે,

**Section : 195 - Prosecution for contempt of lawful authority of public servant, for offences against public justice and for offences relating to documents given in evidence.**

**1) No Court shall take cognizance-**

**(a) (i) of any offence punishable under sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code, or(ii) of any abetment of, or attempt to commit, such offence, or(iii) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;**

આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૯૫ ધ્યાન સમક્ષ રાખતાં એ મેન્ડેટરી પ્રોવિઝન છે. મેન્ડેટરી પ્રોવિઝન નો ભંગ કરી અદાલત આવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. એટલે કે, જેમાં કોઈપણ અદાલતને એવા કોઈપણ ગુના કે જે ભારતીય ફોજદારી ધારાની કલમ- ૧૭૨ થી ૧૮૮ અનુસાર સજાપાત્ર હોય ત્યારે એવા ગુના માટે સંબંધિત રાજ્યસેવક અથવા તો તે એવો રાજ્ય સેવક હોય કે જે તેના વહીવટી તાબા તળે હોય તેવા રાજ્યસેવકની ફરીયાદ ઉપરથી જ કોગ્નિઝન્સ લઈ શકાય તે સિવાય કોર્ટ ધ્વારા કોગ્નિઝન્સ લેવા ઉપર સ્પષ્ટ પણે બાધ મુકવામાં આવેલ છે.

૪) નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમી. મીસ. એપ્લી. નં. ૫૦૯/૦૧ માં તા.૨૭/૧૨/૦૨ ના રોજનાં હુકમમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ નાં ગુના અંગેનું કોગ્નિઝન્સ પોલીસ રીપોર્ટ ઉપરથી

**(U.S.Parmar)**
**3rd Addl.Chief Judi.Magistrate, Patan**

લઈ શકાય નહી. જયારે સ્પષ્ટપણે અદાલતને ચાર્જશીટ ઉપરથી કોગ્નિઝન્સ લેવા બાબતનો બાધ હોય ત્યારે આરોપી સામે તપાસનીશ અધિકારીએ દાખલ કરેલ ચાર્જશીટ ઉપરથી કાર્યવાહી ટકી શકે નહી અને અદાલત આવા ગુના નું કોગ્નીઝન્સ પણ લઈ શકતી નથી.

૫) ઉપરોકત હકીકતે વધુમા જોવામા આવે તો આ કામમા જાહેરનામુ બહાર પાડનાર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી પાટણ છે તે જોતા ફરીયાદ કરનાર સંબંધિત રાજયસેવક અથવા તો તે રાજયસેવક જેનાં વહીવટી તાબા તળે હોય તેવા રાજયસેવકએ ફરીયાદ કોર્ટમા કરેલ નથી તે જોતા અને નામદાર બોમ્બે હાઈકોર્ટનો Emperor vs Ramchandra Narayan Shastri on 17 April, 1931 Equivalent citations: (1931) 33 BOMLR 1169 GM ચુકાદો ધ્યાને રાખતા સદર ચુકાદામા જણાવેલ છે કે, "It appears that no complaint in writing was made by the Sub-Divisional Magistrate or any officer superior to him with regard to the offence alleged to be committed under Section 188, Indian Penal Code, as required by Section 195 of the Criminal Procedure Code."

૬) નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા ક્રીમીનલ અપીલ નં. ૮૨૪/૨૦૧૬, બબીતા લીલા તથા અન્યો વિ. યુનીયન ઓફ ઈન્ડીયા ના તારીખ ૩૧/૦૮/૨૦૧૬ ના ચુકાદાના પેરા–૪૭માં ઠરાવેલ છે કે, " There is thus no escape from the proposition that for a valid complaint under section 195 of the code, the mandate thereof has to be essentially abided and as is easily perceivable this is to prevent frivolous, speculative and unscrupulous allegations relating to judicial proceedings in any court."

ઉપરોકત ચર્ચા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં જો નામદાર કોર્ટને આરોપી સામેના ગુનાનુ સંજ્ઞાન લઈ તેની સામે જો કોર્ટ કાર્યવાહી કરી આરોપીને કોર્ટની હકુમત વિના નિર્દોષ કે ગુનેગાર જાહેર કરે તો કાયદા મુજબ અયોગ્ય ગણવામા આવશે તેવી જ રીતે કોર્ટને હકુમત નથી તેમ માનીને આરોપીને નિર્દોષ કે દોષ રહીત માનવામાં આવશે

**(U.S.Parmar)**
**3rd Addl.Chief Judi.Magistrate, Patan**

તો ફરીયાદપક્ષને કાયદાની પ્રકિયાથી આપવામા આવેલ ફરીયાદ કરવાના હકક નાશ કરવા સમાન થઈ પડશે. આમ, હાલના કેસની આગળ કાર્યવાહી કરવી ન્યાયોચીત જણાઈ આવતી ના હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

આથી આરોપી સામેની કાર્યવાહી કોઈપણ જાતના ગુણદોષ માં ઉતર્યા વિના પડતી મુકવાનો/પ્રોસિંડીંગ્સ ડ્રોપ કરી નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામના ફરીયાદીએ નવેસરથી સી.આર.પી.સી.કલમ ૧૯૫(૧)(એ) માં કરવામાં આવેલ જોગવાઈઓને અનુસરીને ફરીયાદ દાખલ કરવાનો અધિકાર ખુલ્લો રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦ મી, માહે જુલાઈ, સને ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૦.૦૭.૨૦૨૧.
સ્થળ : પાટણ.

**(ઉમેશચંદ્ર શંકરભાઈ પરમાર)**
ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ.
**Code No: GJ01160.**

**(U.S.Parmar)**
**3rd Addl.Chief Judi.Magistrate, Patan**